संघ प्रदेश दमण अने दीव


## સરકારી ઔદ્યોગિક તાલિમ સંસ્થા ,દમણ

રીંગણવાડા, પો.ઓ.વરકુંડ,નાની દમણ,

દમણ -396210


# ઓગસ્ટ-2019 ના સત્રથી આઈ.ટી.આઈ માં પ્રવેશ માટેની જાહેરાત

સરકારી ઔદ્યોગિક તાલિમ સંસ્થા (I.T.I.) દમણ તથા દીવમાં શૈક્ષણિક વર્ષ ઓગસ્ટ-2019 થી શરૂ થતા નવા સત્રમાં પ્રવેશ મેળવવા માટેના વેબબેઝ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનો કાર્યક્રમ નીચે મુજબ છે.

સરકારી ઔધ્યોગિક તાલિમ સંસ્થા દમણ તથા દીવમાં ઉપલબ્ધ કોર્ષ નીચે મુજબ છે. (1) ફિટર (2) ટર્નર (3) ઈલેક્ટ્રિશિયન (4) વાયરમેન (5) મિકેનિક રેફ્રીજરેશન અને એરકંડીશનિંગ (6) પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઓપરેટર (7) કોમ્પ્યુટર ઓપરેટર અને પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (8) વેલ્ડર (9) મીકેનિક ડિઝલ (10) સિવિંગ ટેક્નોલોજી (11) ફેશન ડીઝાઈન ટેકનૉલૉજી (12) આસિસ્ટન્ટ ટુરીસ્ટ ગાઈડ (13) મરીન ઈન્જીનીયરીંગ ટેકનીશીયન ટ્રેડ.(14) ઈ-કોમર્સ (15) ટ્રાવેલ એન્ડ ટુર આસીસ્ટન્ટ. (16) ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમ મેન્ટેનન્સ.

1) ઓનલાઇન પ્રવેશ ફોર્મ સંસ્થાની વેબ પેજની લિંક http://daman.nic.in/iti પર તારીખ 28-06-2019 થી 19-07-2019 સુધી ભરી શકાશે.
2) ઈન્ટરનેટના માધ્યમ દ્વારા ઉમેદવારોએ સરકારી (I.T.I.) માં શરૂ કરેલ સેવા કેન્દ્ર અથવા પોતાના ગામ કે શહેરમાં ઉપલબ્ધ સાઈબર કેફે કે ઈન્ટરનેટની સુવિધા મળી રહે તેવા સ્થળોએથી પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં (તાં.: 28-06-2019 થી તાં.:19-07-2019) online પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.
3) ઓનલાઇન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ લઈ જરૂરી દસ્તાવેજ (પ્રમાણપત્ર) ની નકલ જોડી પ્રવેશ ફોર્મ અને ફી ₹50/- ફક્ત POS મશીન (એ.ટી.એમ/ડેબીટ કાર્ડ) દ્વારા જમા કરવાની તારીખ 28-06-2019 થી 19-07-2019 સવારે 10:00 am થી 5:00 pm. કામકાજના દિવસો દરમિયાન જે તે સંસ્થામાં જમા કરવાના રહેશે.
4) દમણ તથા દીવના વતની માટે મેરીટ પ્રસિધ્ધિની તારીખ 22-7-2019.(સોમવાર)
5) દમણ તથા દીવના વતની માટે રૂબરૂ મુલાકાત (Counseling) તારીખ 24-7-2019 (બુધવાર) સમય 9:00 વાગે સવારે. રૂબરૂ મુલાકાત માટે અલગથી કોલ લેટર મોકલવામાં આવશે નહિ જેની નોંધ લેવી.
6) દમણ તથા દીવના બહારના ઉમેદવાર માટેના મેરીટ પ્રસિધ્ધિની તારીખ 31-7-2019 (બુધવાર) (જો બેઠકો ખાલી રહે તેવા સંજોગોમાં જ )
7) દમણ તથા દિવની બહારના ઉમેદવાર માટે રૂબરૂ મુલાકાત તારીખ 03-08-2019 (શનિવાર) રહેશે (જો બેઠકો ખાલી રહે તેવા સંજોગોમાં જ). રૂબરૂ મુલાકાત માટે અલગથી કોલ લેટર મોકલવામાં આવશે નહિ જેની નોંધ લેવી.
8) પ્રવેશ મેળવેલ ઉમેદવારે પ્રવેશ મેળવતી વખતે ₹. 250/- અનામત રકમ (ડિપોઝિટ) પેટે તેમજ પ્રવેશ નોંધણી ફી પેટે ₹. 50/- ફક્ત POS મશીન (એ.ટી.એમ/ડેબીટ કાર્ડ) દ્વારા ભરવાના રહેશે.
   - *વિદ્યાર્થીનીઓ માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે.*
9) ટપાલથી મોકલાવેલ પ્રવેશ ફોર્મ રદબાતલ ગણવામાં આવશે જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી.
10) પ્રવેશ અંગે આખરી નિર્ણય સંસ્થા પ્રવેશ સમિતિનો રહેશે, જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

| સરકારી આઈ.ટી. આઈ, દમણ | સરકારી આઈ.ટી. આઈ, દીવ |
|---|---|
| ફોન નં: 0260-2244049, 9898230221 | ફોન નં: 02875-252221 |
| e-Mail ID: iti-dmn-dd@nic.in | e-Mail ID: iti-diu-dd@nic.in |

આચાર્ય
સરકારી આઔધોગિક તાલીમ સંસ્થા
દમણ.